

જે સમયે માટીની પર્યાયમાં પિંડરૂપ અવસ્થા થવાની યોગ્યતા હોય તે જ સમયે તેમાં ઘડારૂપ અવસ્થા થવાની પણ યોગ્યતા હોય એમ બની શકે જ નહિ. કેમ કે એક જ પર્યાયમાં એક સાથે બે પ્રકારની યોગ્યતા હોઈ શકે જ નહિ. આ સિદ્ધાંત અત્યંત અગત્યનો છે, તે દરેક ઠેકાણે લાગુ પાડવો.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૨૩ સં. ૨૦૫૯ [૭૧૬] * આત્મધર્મ * [અંક-૧૨ વર્ષ-૫૯] વીર સં. ૨૫૨૯ જૂન-૨૦૦૩

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જે પ્રાણી ક્રોધી હોય, નિર્દય અર્થાત્ ક્રૂરકર્મી હોય, તથા મધુ-માંસ-મદ્ય અને પરસ્ત્રીલંપટ તથા આસક્ત, વ્યસની અને અત્યંત પાપી હોય તથા દેવ-શાસ્ત્ર-ગુરુઓના સમૂહની નિંદા કરવાવાળા અને પોતાની પ્રસંશા કરવાવાળા હોય તથા નાસ્તિક હોય એવા જીવો પ્રત્યે રાગ-દ્વેષ રહિત મધ્યસ્થભાવ રહેવો, તેને ઉપેક્ષા કહી છે. ઉદાસીનતા (વીતરાગતા)નું નામ ઉપેક્ષા છે તેથી તે મધ્યસ્થભાવના છે. ૭૬૮.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૨૭, ગાથા–૧૪)*

❀ જે પુરુષ રાત્રિભોજન છોડે છે તે એક વર્ષ-દિવસમાં છ માસના ઉપવાસ કરે છે. રાત્રિભોજનના ત્યાગથી ભોજન સંબંધી આરંભ પણ ત્યાગે છે તથા વ્યાપારાદિ સંબંધી આરંભ પણ છોડે છે. તેથી તે જીવ મહાન દયા પાલન કરે છે. ૭૬૯. *(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા–૩૮૩)*

❀ હે અસંતોષી આત્મા! સર્વ જગતની માયાને અંગીકાર કરવાની અભિલાષારૂપ પરિણામથી તો તેં આ જગતમાં કંઈ પણ છોડ્યું નથી. તારાથી જે કંઈ બચવા પામ્યું હોય તે તારી ભોગ કરવાની અશક્તિથી જ. જેમ રાહુથી ગળાતાં ચંદ્ર સૂર્ય જો બચવા પામ્યા હોય તો તે માત્ર રાહુની અશક્તિથી જ. ૭૭૦. *(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા–૩૯)*

❀ ચિદ્રૂપનું સ્મરણ મનુષ્યોને મોક્ષરૂપ, વૃક્ષનું બીજ, સંસારરૂપ સમુદ્રમાં નૌકા, દુઃખરૂપ વનને (બાળવા) અગ્નિ, કર્માથી ભય પામેલાને (કર્મરૂપ શત્રુથી બચવાનું આશ્રયસ્થાન) કિલ્લો, વિકલ્પરૂપ ધૂળને (ઉડાવવા) પવન, પાપોને રોકનાર, મોહનો જય કરવામાં શસ્ત્ર, નરક, તિર્યંચ આદિ અશુભ પર્યાયરૂપ રોગને ટાળવા ઔષધ અને તપ, વિદ્યા તથા અનેક ગુણોનું ઘર સારી રીતે છે. ૭૭૧. *(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય–૨, ગાથા–૨)*

❀ જે પુરુષ અજ્ઞાની છે—વાસ્તવિકપણે હિત-અહિતને જાણતા નથી —તેનો સંસાર તો સ્ત્રી-પુત્ર આદિ જ છે. પરંતુ જે વિદ્વાન છે, શાસ્ત્રોનો અક્ષરાભ્યાસ તો કરી ચુક્યા છે પણ આત્મધ્યાનથી શૂન્ય છે તેમનો સંસાર શાસ્ત્ર છે. ૭૭૨. *(શ્રી યોગીન્દુદેવ, યોગસારપ્રાભૃત, અધિકાર–૭, ગાથા–૪૪)*

* * *

કહાન
સંવત-૨૩
વર્ષ-૫૯
અંક-૧૨
[૭૧૬]

વીર
સંવત
૨૫૨૯
સં. ૨૦૫૯
JUNE
A.D. 2003




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# દ્રષ્ટાંતો દ્વારા અજ્ઞાનદશાનું નિરુપણ

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, નં–૯૫)

આ, સમયસાર નાટકનો બંધ અધિકાર છે.

૨૭મા પદ્યમાં બનારસીદાસજીએ અજ્ઞાનીજીવની મૂઢતા ઉપર મૃગજળ અને આંધળાનું દ્રષ્ટાંત આપ્યું. જેમ હરણ મૃગજળમાં જળ માનીને દોડે છે તેમ અજ્ઞાની, જ્યાં સુખ નથી એવા શુભાશુભભાવ અને સ્રી, પુત્ર, પૈસા આદિમાં સુખ માનીને દોડે છે.

આ બંધ અધિકાર છે ને! બંધમાં પડેલાં જીવો પૈસામાં, સ્રીમાં, આબરૂમાં, કીર્તિમાં વગેરેમાં મને ઠીક છે એમ માનીને વર્તે છે. વળી પુણ્ય-પાપ ભાવમાં મને ઠીક છે એમ માનીને તેમાં જ લીન રહે છે. બંધભાવમાં ગતિ કરીને તેમાંથી ધર્મ ને શાંતિ થશે એમ માનીને પડ્યાં છે.

બીજું દ્રષ્ટાંત આંધળાનું આપ્યું છે કે એક કરફ આંધળો ઘઉંની સેવ વણે છે અને બીજી તરફથી વાછડો ખાતો જાય છે તો તેની મહેનત તો નકામી જાય છે. તેમ મૂર્ખજીવ શુભક્રિયા કરે છે અને શુભક્રિયાના ફળમાં હરખ કરીને ક્રિયાનું ફળ ખોઈ નાંખે છે. મૂઢ જીવ શુભભાવ કરે પણ દૃષ્ટિ મિથ્યા છે, શુભભાવમાં ધર્મ માને છે પણ શુભભાવ પણ બંધભાવ છે, ધર્મ નથી. શુભભાવના ફળમાં અનુકૂળ સંયોગ મળશે તેમાં હરખ કરશે પણ તેની દૃષ્ટિ આત્મા ઉપર નહિ જાય.

જ્ઞાનીની દૃષ્ટિ આત્મસ્વભાવ ઉપર હોવાથી, બંધ ભાવનો તો તે ત્યાગી છે તેથી જ્ઞાનીને તો જ્ઞાતા-દૃષ્ટાપણાના ફળમાં શાંતિ અને વીતરાગતા છે. પણ જેને આત્મસ્વભાવની દૃષ્ટિ નથી તેને શાંતિ નથી, તેને તો બહારમાંથી સુખ લેવાની પિપાસા છે. તેથી સુકૃત કરે છે પણ તેના ફળમાં અનુકૂળતા મળે તેમાં હરખ કરીને રાગ-દ્વેષ

કરે છે, સુખ પામતો નથી. બંધનમાંથી અજ્ઞાની છૂટો પડતો નથી. બંધનને જ પોતાનું સ્વરૂપ માને છે તેના ઉપર દૃષ્ટાંત કહે છે.

'અજ્ઞાનીજીવ બંધનથી છૂટી શકતો નથી. તેના ઉપર દૃષ્ટાંત'

लियैं द्रिढ़ पेच किरै लोटन कतबरसौं,
उलटौ अनादिकौ न कहू सुलटतु है ।
जाकौ फल दुःख ताहि सातासौं सहत सुख,
सहत-लपेटी असि-धाराशी चटतु है ।
एसौं मूढ़जन निज संपदा न लखै क्यौंही,
यौंहि मेरी मेरी निसिवासर रटतु है ।
याही ममतासौं परमारथ विनसि जाइ,
कांजीकौ परस पाइ दूध ज्यौं कटतु है ॥२८॥

અર્થ :—જેમ આળોટતાં કબૂતરની પાંખોમાં મજબૂત ગુંચ પડી હોવાથી તે ઉલટું—સુલટું થયા કરે છે. તેવી જ રીતે સંસારીજીવ અનાદિકાળથી કર્મબંધનની ગૂંચમાં ઉલટો થઈ રહ્યો છે, કદી સન્માર્ગનું ગ્રહણ કરતો નથી અને જેનું ફળ દુઃખ છે એવી વિષયભોગની થોડીક શાતાને સુખ માનીને મધ ચોપડેલી તરવારની ધારની જેમ ચાટે છે. આવો અજ્ઞાનીજીવ સદા પરવસ્તુઓને મારી મારી કહે છે અને પોતાના જ્ઞાનાદિ વૈભવને જોતો નથી, પરદ્રવ્ય આ મમત્વભાવથી આત્મહિત એવું નાશ પામે છે જેવું કાંજીના સ્પર્શથી દૂધ ફાટી જાય છે.

જેમ, લોટણ કબૂતરની પાંખોમાં ગૂંચ હોવાથી તે ફર્યા જ કરે છે તેમ, અનાદિનો અજ્ઞાની રાગમાં એકત્વ કરીને સંસારમાં ફર્યા કરે છે, કદી સન્માર્ગે વળતો નથી. જે ભાવથી પોતાને બંધન થાય છે એ ભાવને જ અજ્ઞાની પોતાનું સ્વરૂપ માને છે તેથી જેનું ફળ દુઃખ છે એવાં શાતાના સંયોગમાં સુખ માનીને પડ્યો રહે છે. અનુકૂળ સંયોગમાં પોતાની બાદશાહી માને છે, પૈસામાં સુખ છે, આબરૂમાં સુખ છે, બંગલામાં સુખ છે એમ માને છે તેથી તેમાંથી તેની રુચિ ખસતી નથી. એને ખબર નથી કે આ મધ લપેટેલી તરવારની ધાર જેવા સુખ છે. મધ ગળ્યું તો લાગે પણ, તરવાર એની જીભ કાપી નાંખે તેમ શાતાના સંયોગોમાં એને થોડું સુખ કલ્પનામાં લાગે પણ મિથ્યાત્વ એનાં સુખને કાપી નાંખે છે, આત્માની શાંતિને મિથ્યાત્વ કાપી નાંખે છે તેનું અજ્ઞાનીને ભાન નથી.

દીકરો સારો પાક્યો હોય, વહુ સારા ઘરની આવી હોય અને કહ્યાંગરી હોય,

દીકરાના ઘરે દીકરા સારા થયા હોય તો મૂઢને એમ લાગે કે અમે હમણાં સુખી છીએ અહીં કહે છે કે અજ્ઞાની–મિથ્યાદૃષ્ટિ છે.

શ્રોતા :—ભલે મિથ્યાદૃષ્ટિ હોય પણ સુખી તો છેને !

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ સુખી કેવો છે તે કહ્યું ને ! મધ લપેટેલી તલવાર ચાટનાર જેવો એ સુખી છે. જીભ તો એની કપાય જાય છે તેમ આત્માની શાંતિ તો કપાય જાય છે ત્યાં સુખ ક્યાં રહ્યું ? મિથ્યાત્વભાવથી જીવની શાંતિ લૂંટાય જાય છે પણ અજ્ઞાની પરવસ્તુમાં મારાપણાની માન્યતાથી છૂટીને કોઈ પ્રકારે નિજસંપદાને જોતો નથી.

સાધુ નામ ધરાવીને, આચાર્ય નામ ધરાવીને પણ મૂઢજીવો મિથ્યાત્વમાં પડ્યાં છે. હાથીના હોદ્દે દીક્ષા લેવાતી હોય, કેટલાંય શિષ્યો થઈ ગયા હોય એ બધું પૂર્વના પુણ્યથી બન્યું હોય પણ મૂઢ એનાથી પોતાની પ્રભાવના માને છે. પણ ભાઈ ! આત્માની પ્રભાવના અંતરથી થાય કે બહારથી થાય ! વિકલ્પથી ભિન્ન નિર્વિકલ્પ આનંદનું વેદન–એ અંતરની પ્રભાવના છે, સાથે શુભવિકલ્પ ઊઠે તે વ્યવહાર-પ્રભાવના છે પણ તે બંધનું કારણ છે.

मूढ़जन निज संपदा न लखै क्यौंही હું આનંદ અને જ્ઞાનનો સાગર છું, શુભાશુભ રાગ તો ઉપાધિ અને મેલ છે એમ અજ્ઞાની જાણતો નથી. નિદસંપદાને નહિ જાણતો અજ્ઞાની વિપદાને જ પોતાની સંપદા જાણે છે. શુભાશુભરાગ તો વિપદા છે—આપદા છે તેને જ સંપદા માની લીધી હોવાથી અજ્ઞાનીની દૃષ્ટિ કોઈ પ્રકારે નિજસંપદા તરફ જતી જ નથી શુભાશુભભાવ અને તેના ફળમાં જ અટકીને પડ્યો છે. કદાચિત્ દિગંબર સાધુ થાય પણ પંચમહાવ્રતાદિના રાગમાં જ એકાકાર થઈ જાય તો શાતાકર્મ બાંધે પણ આત્માની શાંતિથી વંચિત રહી જાય છે, નિજસંપદાને જાણતો નથી. આમ, કોઈપણ પ્રકારે મૂઢજીવની દૃષ્ટિ પરમાં જ ચોંટી હોય છે.

यौंहि मेरी मेरी निसिवासर रटतु है। નિશિ એટલે રાત અને વાસર એટલે દિવસ. રાત-દિવસ મિથ્યાદૃષ્ટિજીવ આ અમે પુણ્ય કર્યા, પુણ્યના ફળમાં સંયોગો મળ્યા તે બધાં મારાં છે એમ બંધ અને બંધભાવના ફળને એ મારાં મારાં કરી રહ્યો છે. ममतासौं परमारथ विनसि जाइ દયા–દાનાદિ પરિણામ અને તેના ફળમાં મમતા કરવાથી મિથ્યાત્વ થાય છે અને આત્માની શાંતિનો નાશ થાય છે. જેમ, મીઠાનું પાણી દૂધમાં નાંખવાથી દૂધ ફાટી જાય છે તેમ, શુભાશુભરાગને જ પોતાનું સ્વરૂપ માનવાથી આત્માની શાંતિ ફાટી જાય છે–નાશ પામે છે.

સુકૃતના ફળમાં મળેલી શરીરની અનુકૂળતા અને આબરૂ આદિમાં મારાપણાની માન્યતાથી અજ્ઞાની નિજસંપદાને ખોઈ બેસે છે. રાગની ક્રિયા મારી છે, બંધભાવ એ હું છું એવી શ્રદ્ધાથી એનું સમ્યગ્દર્શન ફાટી જાય છે, જેમ દૂધ ફાટી જાય છે તેમ. સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું નથી તેને જ અહીં ફાટી જાય છે એમ કહ્યું છે. કર્તાકર્મ અધિકારમાં આવ્યું છે કે રાગની એકતાબુદ્ધિમાં સમ્યગ્દર્શન નાશ પામે છે એટલે કે ઉત્પન્ન થતું નથી. રાગને મારો માનીને જ્ઞાનભાવનમાત્ર સહજ ઉદાસીન અવસ્થાનો અજ્ઞાની ત્યાગ કરે છે એટલે કે સહજ ઉદાસીન પ્રગટ કરતો નથી. પહેલાં સહજ ઉદાસીન દશા હતી અને તેનો ત્યાગ કરે છે—એમ નથી.

બંધભાવને પોતાનો સ્વભાવ માનનાર જીવ અબંધ પરિણામ પ્રગટ કરી શકતો નથી માટે કહ્યું કે તેણે અબંધ પરિણામનો નાશ કર્યો છે. આ વાત સમજવી એને અટપટી લાગે છે અને ધર્મના નામે ક્રિયા કરવી સહેલી લાગે છે પણ એવી ક્રિયાઓ તો અનંતવાર કરી છે. દેવ-શાસ્ત્ર-ગુરુ માટે માંથુ આપી દે એટલી અર્પણતા પણ અનંતવાર કરી છે પણ એ તો રાગની અર્પણતા છે. રાગમાં એકાકાર થવાથી અરાગી આત્મદશાનો નાશ થાય છે. કારણ કે આત્મા—વસ્તુ અબંધ દ્રવ્ય અને અબંધ ગુણ સ્વરૂપી છે. તેના પરિણામ પણ અબંધ થવા જોઈએ પણ અજ્ઞાનીને પોતાના સ્વરૂપનું ભાન નહિ હોવાથી, શુભભાવને પોતાનું સ્વરૂપ માનીને શુદ્ધતાનો નાશ કરે છે એટલે કે શુદ્ધતા પ્રગટ કરતો નથી.

આત્મા-વસ્તુ તો રાગરહિત અબંધસ્વભાવી છે, તેનો આશ્રય કરતાં અબંધપરિણામ જ થાય એવી જ વસ્તુસ્થિતિ છે પણ અજ્ઞાનીજીવ આત્મવસ્તુનો આશ્રય નહિ કરીને, રાગની એકતાબુદ્ધિ કરીને, મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે તેથી અબંધપરિણામ ઉત્પન્ન થતાં નથી માટે તેનો નાશ કર્યો એમ કહેવાય છે. આત્માની અહિતબુદ્ધિમાં હિતબુદ્ધિનો પર્યાય ઉત્પન્ન થતો નથી. આ ૨૮મુ પદ્ય થયું.

હવે ૨૯મા પદ્યમાં અજ્ઞાનીની અહંબુદ્ધિ ઉપર બનારસીદાસજી દૃષ્ટાંત કહે છે. આ તેમનું સ્વતંત્ર પદ્ય છે.

અજ્ઞાનીજીવની અહંબુદ્ધિ પર દૃષ્ટાંત

रूपकी न झाँक हीयै करमकौ डाक पियैं,
ग्यान दबि रह्यौ गिरगांक जैसैं घनमैं ।
लोचनकी ढाकसौं न मानैं सद्गुरु हांक,
डोलै मूढ रांकसौ निसांक तिहूं पनमैं ॥

टांक एक मांसकी डलीसी तामैं तीन कांक,
तीन कौसौ आंक लिखि राख्यौ काहू तनमैं ।
तासौं कहै नांक ताके राखिवैकौं करै कांक,
लांकसौ खड़ग बांधि बांक धरै मनमैं ।।२६।।

અર્થ :—અજ્ઞાનીજીવને પોતાના સ્વરૂપની ખબર નથી, તેમાં કર્મોદયનો ડાંક લાગી રહ્યો છે, તેનું શુદ્ધજ્ઞાન એવી રીતે દબાઈ ગયું છે જેમ ચંદ્ર વાદળાઓથી દબાઈ જાય છે. જ્ઞાનરૂપ નેત્ર ઢંકાઈ જવાથી તે સદ્‌ગુરુની શિખામણ માનતો નથી, મૂર્ખાઈવશ દરિદ્રી થઈને હંમેશા નિઃશંક ફરે છે. નાક છે તે તો માંસનો એક ટૂકડો છે તેમાં ત્રણ કાણાં છે, જાણે કોઈએ શરીરમાં ત્રણનો આંકડો લખી રાખ્યો છે તેને નાક કહે છે. તે નાક (અહંકાર) રાખવા માટે લડાઈ કરે છે, કમરે તરવાર બાંધે છે અને મનમાં વક્રતા ધારણ કરે છે.

અજ્ઞાનીજીવને સ્વરૂપની ખબર જ નથી કે હું તો સત્‌ચિદાનંદ નિર્મળ આનંદકંદ પ્રભુ આત્મા છું તેથી પર્યાયમાં જેવો જેવો રાગ આવે છે તે રાગરૂપ અજ્ઞાની થઈ જાય છે. કર્મના ઉદયનાં સંગમાં રહ્યો તે રાગની પ્રસિદ્ધિ કરે છે પણ સ્વરૂપની જાંચ કરતો નથી કે મારું સ્વરૂપ તો 'જાણવું–દેખવું' છે. પુણ્ય-પાપના ભાવ મારાં છે અને તેમાં મારું હિત છે એમ માનીને પોતાના જ્ઞાનને તેણે ઢાંકી દીધું છે. જેમ વાદળથી ઢંકાઈ જાય છે તેમ પુણ્યના પ્રેમમાં ચૈતન્ય ઢંકાઈ ગયો છે.

लोचनकी ढांकसौं न मानै सद्‌गुरु हांक, જ્ઞાનનેત્ર ઢંકાઈ ગયા છે તેથી સદ્‌ગુરુની શિખામણ પણ અજ્ઞાની માનતો નથી. જ્ઞાની તો કહે પણ આપણે અત્યારે એમ ન હોય—એમ કરીને જ્ઞાનીની વાતની અજ્ઞાની દરકાર કરતો નથી. સાક્ષાત્ ભગવાનના સમવસરણમાં જઈને વાણી સાંભળે તોપણ ધોયેલ મૂળા જેવો પાછો આવે છે—કાંઈ ગ્રહણ કરતો નથી.

હાંક એટલે આજ્ઞા. સદ્‌ગુરુની આજ્ઞા એવી હોય છે કે હે જીવ ! રાગથી રહિત તારા સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ કર ! એવી આ આજ્ઞાને અજ્ઞાની માનતો નથી. પોતે બંધભાવમાં એકાકાર છે તેથી સદ્‌ગુરુની હાંક તેને વાગતી નથી. રાગ અને નિમિત્તના પ્રેમમાં તે ગુરુની આજ્ઞા સ્પર્શવા દેતો નથી.

डोलै मूढ़ रांकसौं.... રાંક જેવો ગરીબ થઈને રહે છે મને આ સંયોગોમાંથી કાંઈક મળે, મને કોઈ મોટો કહે, દુનિયામાં હું કાંઈક ગણતરીમાં આવું... એમ અનેક પ્રકારે ભીખ માંગતો ફરે છે; તે પણ નિઃશંક થઈને ફરે છે જાણે મને પરમાંથી લાભ થશે જ. અરે ! તારે દુનિયા પાસેથી શું લેવું છે ? તને કાંઈ ભાન નથી ?

ટાંક एक मांसकी..... આ ૩ના (   ના) આકારે નાકનો આકાર છે ને ! તેમાં ત્રણ કાણાં છે. આ નાક માટે એટલે કે આબરૂ રાખવા માટે અમારે બધું કરવું પડે... દીકરી પરણાવવી હોય તો અમારાં ઘરને યોગ્ય સામે ઘર અને વર બધું જોઈએ. એમ મૂઢ અહંકાર કરીને, ચૈતન્યના સ્વભાવને ભૂલી જાય છે.

અરે મૂઢ ! ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિની તો તને ખબર નથી, શ્રદ્ધા નથી અને નાની વાતોમાં અહંકાર કરી રહ્યો છો ? આ તો મોટો મિથ્યાત્વનો રોગ છે. કોઈ પ્રસંગમાં કમ્મરે તરવાર બાંધીને ફરે છે, હરખજમણ કરે છે, વરોઠી કરે, સો ના બદલે ત્રણસો માણસને જમવા બોલાવે, દેણું કરીને પણ નાક રાખવા માટે જમણ આપે, આ કેવો અજ્ઞાન અંધકાર છે કે પરમાં લીન થઈને પોતે પોતાને જ ભૂલી જાય ! મનમાં વક્રતા ધારણ કરે છે. અહંકાર પોષવા માટે બધું કરી છૂટે છે.

ગામના છોકરાં ગારાંનાં, પાડોશીના પિત્તળના અને મારાં છગન-મગન સોનાના.... મારાં ઘરની સ્ત્રીઓ પણ બધી સુંદર.... અરે મૂઢ ! છોકરાં તારાં ક્યાં હતાં ? એ તો જગતની ચીજ છે! અહીં તો કહે છે કે નિજ આનંદકંદ આત્મા સિવાય એક પરમાણુને કે રાગના કણને પોતાનો માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

હવે ૩૦મા પદ્યમાં પણ બનારસદાસજી અજ્ઞાનીના અભિમાનને ખૂલ્લુ કરે છે.

जैसैं कोउ कूक्रर छुधित सूके हाड चाबै,
हाड़निकी कोर चहुं ओर चुभै मुखमैं ।
गाल तालु रसना मसूढनिकौ मांस काटै,
चाटै निज रुधिर मगन स्वाद-सुखमैं ॥
तैसैं मूढ़ विषयी पुरुष रति-रीति ठानै,
तामें चित साने हित माने खेद दुःखमैं ।
देखै परतच्छ बल-हानि मल-मूत-खानि,
गहै न गिलानि पत्रि रहै राग–रुखमैं ॥३०॥

અર્થ :—જેમ ભૂખ્યો કૂતરો હાડકું ચાવે છે અને તેની અણી ચારેકોર મોઢામાં વાગે છે, જેથી ગાલ, તાળવું, જીભ અને જડબાનું માંસ ચીરાઈ જાય છે અને લોહી નીકળે છે, તે નીકળેલા પોતાના જ લોહીને તે ખૂબ સ્વાદથી ચાટતો થકો આનંદિત થાય છે. તેવી જ રીતે અજ્ઞાની વિષયલોલુપી જીવ કામ-ભોગમાં આસક્ત થઈને સંતાપ અને કષ્ટમાં ભલાઈ માને છે. કામક્રિડામાં શક્તિની હાનિ અને મળ-મૂત્રની ખાણ સાક્ષાત્ દેખાય છે, તોપણ ગ્લાનિ કરતો નથી, રાગ-દ્વેષમાં મગ્ન જ રહે છે.

કૂતરો પોતાના જ મોઢામાંથી નીકળતાં લોહીના સ્વાદને હાડકાનો સ્વાદ માનીને ચાટ્યાં કરે છે, હાડકાંને છોડતો નથી, તેમ વિષયી પુરુષ સ્ત્રીના વિષયમાં પોતાને સંતાપ અને કષ્ટ થતું હોવા છતાં રાગના રસને કારણે તેમાં મજા છે એમ માનીને તેની મગ્નતા છોડતો નથી. વિષયમાં સુખ માનનારાં મિથ્યાદૃષ્ટિ છે. સ્ત્રીનું શરીર હાડકાં, માંસ, ચામડાં, પેસાબ, વિષ્ટા આદિથી ભરેલું છે, પોતાને પ્રત્યક્ષ દેખાય છે છતાં તેમાં પ્રેમ કરે છે, તેનાથી હિત માને છે. મજા માને છે. ખરેખર તો પોતે રાગમાં એકાકાર થઈને રાગના રસને વેદે છે પણ અજ્ઞાનથી એમ માને છે કે આ શરીરમાં મને આનંદ થાય છે.

શરીર તો મળ-મૂત્રની ખાણ છે, અમૃતની ખાણ તો આત્મા છે પોતે છે. શરીરમાં તો રાગ આવે, કષ્ટ થાય, પસીના થાય, જઠર મંદ પડી જાય, શરીર ઝીર્ણ થાય છતાં તેનાથી પોતાને સુખ માને છે તે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે.

પ્રશ્ન થાય કે સમકિતી પણ લગ્ન કરે છે ને ?

બાપુ ! તને ખબર નથી. સમકિતીને આત્માની લગની લાગી છે, એ કાંઈ સ્ત્રી સાથે લગન કરતો નથી. તેને રાગ આવે છે તેનો પણ સમકિતી સ્વામી થતો નથી. રાગમાં એ દુ:ખ માને છે. સમકિતીને સ્ત્રી છે એમ કહેવું એ વાત જ ખોટી છે. સમકિતીને સ્ત્રી ન હોય. સમકિતીને રાગ પણ ન હોય તો સ્ત્રી તો ક્યાંથી હોય !

સમકિતીને રાગ ન હોય એટલે ?—એટલે કે સમકિતી રાગને પોતામાં ખતવતો જ નથી. પોતાની દૃષ્ટિમાં, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એ રાગને લાવતો જ નથી માટે, સમકિતી રાગરહિત છે. અહીં તો સમકિત અને મિથ્યાત્વ બેની જ વાત છે.

પોતાના આનંદસ્વરૂપ ભગવાનમાંથી સુખબુદ્ધિ છોડીને રાગમાં અને સંયોગમાં સુખબુદ્ધિ કરે છે તે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે તે ભલે દેવ-શાસ્ત્ર-ગુરુને માનતો હોય પણ બહાર સુખબુદ્ધિ છે માટે તે મિથ્યાદૃષ્ટિ જ છે. ખરેખર તેણે દેવ-શાસ્ત્ર-ગુરુને માન્યાં નથી.

**દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કેમ રહે !**
**કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.**

શુભરાગથી પણ પ્રભુ ભિન્ન છે એવી શ્રદ્ધા કરતો નથી તો તને દેવ-શાસ્ત્ર-ગુરુની પણ શ્રદ્ધા નથી. આત્માના આનંદને ભૂલીને કોઈપણ રાગના વિકલ્પમાં કે નિમિત્તમાં વીર્યનું ઉલ્લાસિત થવું તે મિથ્યાત્વભાવ છે. રાગ અથવા દ્વેષ કોઈપણ કષાયમાં લીન

રહેવું તે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. શરીર મળ-મૂત્રની ખાણ હોવા છતાં તેમાં ગ્લાનિ કરતો નથી અને રાગ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ માને છે એ તેની વિપરીતદૃષ્ટિ છે. જ્યાં સુખ છે ત્યાં—સ્વરૂપમાં સુખ ન માન્યું એ તેની વિપરીતદૃષ્ટિ છે.

પોતાના સ્વરૂપને તો ઓળખ્યું નહિ ને આ દેહ અજીવ છે તેને પોતાનું માન્યું માટે અજ્ઞાનીએ અજીવને જ જીવ માન્યો. રાગમાં સુખ નથી છતાં રાગમાં સુખ માન્યું છે, તેણે આસ્રવભાવને જીવ માન્યો છે. રાગાદિભાવ આત્માથી વિપક્ષ છે વિપરીત છે તેને પોતાના સ્વભાંવમાં ખતવે છે તેને બંધ થાય છે.

કોઈ એમ કહે કે અધૂરીદશા છે તે પૂર્ણદશાથી વિપક્ષ છે માટે બંધનું કારણ છે—તો એમ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અધૂરીદશા છે તે પૂર્ણદશાથી વિપક્ષ નથી-વિપરીત નથી. પૂર્ણ નથી પણ અંશ છે એટલો જ ફેર છે પણ જાતિ એક છે. માટે અધૂરીદશા બંધનું કારણ નથી પણ અધૂરીદશામાં સાથે રાગનો ભાગ છે તે બંધનું કારણ છે. પંચપરમેષ્ટીમાં અરિહંત અને સિદ્ધ તો પૂર્ણદશાને પ્રાપ્ત છે પણ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને અધૂરીદશા છે ત્યાં જેટલાં અંશે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તેટલાં અંશે અબંધ છે અને જેટલાં અંશે રાગ છે એટલો બંધ થાય છે. માટે, પૂર્ણસ્વરૂપથી અપૂર્ણદશા વિપક્ષ નથી પણ રાગ વિપક્ષ છે.

જે ભાવે બંધ થાય તે ભાવે મોક્ષમાર્ગ ન હોય અને જે ભાવે છૂટાય છે તે ભાવથી બંધ થતો નથી. સમકિતીની ભૂમિકામાં તીર્થંકરગોત્ર બંધાય કે મુનિપણામાં આહારકશરીરનો બંધ થાય એ શુભરાગનો અપરાધ છે. મોક્ષના માર્ગથી બંધ નથી.

લોકોને ખબર ન હોય અને ખૂબ ચર્ચા ખોટી ચલાવે છે. રાગમાત્ર બંધનું કારણ છે. તે રાગ નવતત્ત્વની શ્રદ્ધાનો હો કે તીર્થંકરગોત્રને યોગ્ય રાગ હો... બંધનું કારણ છે. પંચાસ્તિકાયની ૧૭૦ ગાથામાં આવ્યું ને! નવતત્ત્વની રુચિ છે તે પણ રાગ છે તીર્થંકર કહે છે કે અમારી તને રુચિ છે એ પણ રાગ છે. સંયમ અને તપ સહિત હોવા છતાં જ્યાં સુધી નવતત્ત્વ અને તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે, સૂત્રો પ્રત્યે રુચિ વર્તે છે તેને નિર્વાણ દૂરતર છે એટલે કે મોક્ષ દૂર છે કેમ કે નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, તીર્થંકર પ્રત્યે રાગ અને સિદ્ધાંતની રુચિ અર્થાત્ આગમનો પ્રેમ છે એ પણ રાગ છે માટે બંધનું કારણ છે, ત્યાં સુધી મુક્તિ થતી નથી.

સમ્યગ્દર્શન છે, અંતર ચારિત્રદશા છે તેને પણ જરાં રાગ છે એટલો બંધ છે. આ તો વીતરાગમારગ છે તેમાં રાગનો અંશ પણ પોષાતો નથી. છદ્મસ્થ જ્ઞાનીને સત્ય સ્થાપવાનો રાગ આવે કે અસત્યને ઉથાપવાનો જરાં દ્વેષ આવે તે બંને ભાવ

પ્રશસ્ત હોવા છતાં બંધના કારણ છે. જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપમાં આવા સ્થાપન-ઉત્થાપનના વિકલ્પ પણ બંધરૂપ છે; તો અજ્ઞાની તો એકલા રાગ-દ્વેષમાં જ મગ્ન છે. જે શરીર એકલી અશુચિ વસ્તુથી ભરેલું છે તેનો એ પ્રેમ કરે છે. હાડકાં, માંસ, લોહી આદિને જુદાં જુદાં વાસણમાં છૂટાં પાડ્યાં હોય તો જોવા પણ ઉભો ન રહે પણ શરીરમાં તો ઉપર ચામડી લપેટેલી છે એટલે તેનો પ્રેમ કરે છે.

શરીર આવી વસ્તુથી ભરેલું છે એમ કરીને જ્ઞાની તેના ઉપર દ્વેષ કરાવતાં નથી પણ શરીરની સ્થિતિ આવી છે એમ જ્ઞાન કરાવે છે. અજ્ઞાની પરમાં પ્રેમ કરીને રાગ-દ્વેષમાં મગ્ન રહે છે પણ રાગ-દ્વેષથી ભિન્ન ભગવાન આત્માની રુચિ અને જ્ઞાન કરતો નથી તેથી તેને બંધભાવ ટળતો નથી. *(ક્રમશઃ)*

## ❋ ગુરુ પ્રત્યે અર્પણતા ! ❋

ગુરુકો (ધરસેનાચાર્યદેવકો) લગા કિ મેરી સ્થિતિ અલ્પ હૈ; ઇસકો (પુષ્પદંત-ભૂતબલિકો) દુઃખ હોગા. (ગુરુને કહા) ચલે જાવ....ચલે જાવ....[(શિષ્યો) નાથ ! ઈતના ઉપકાર હમ પર કિયા ઔર હમે યહાઁસે ચલે જાના !! લેકિન વિકલ્પ નહીં !] ગુરુ કહતે હૈ જાવ (તો ચલે ગયે) !!!

*—પૂજ્ય ગુરુદેવશ્રી, શ્રુતપંચમીના પ્રવચનમાંથી*

**''પ્રમાણના જે લોભથી પર્યાય-પક્ષે દોડતા,**
**ચાબુક દૃષ્ટિની મારીને દ્રવ્યદૃષ્ટિ તેને કરાવતા.**

જીવ પ્રમાણજ્ઞાનના લોભથી નિશ્ચયમાં આવી શકતો નથી—ત્યાં એમ કહેવું છે કે અજ્ઞાની પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું જ્ઞાન સાચું થતું નથી. અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને ! પર્યાય છે તો ખરી ને ! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી. પર્યાય નહિ માનું તો એકાંત થઈ જશે એવો ભય રહે છે. આ રીતે પ્રમાણજ્ઞાનના લોભથી પર્યાયને ગૌણ કરી દ્રવ્યસન્મુખ ઢળી શકતો નથી. *—પૂજ્ય ગુરુદેવશ્રી*

**ભાવ-અનુસારી તુજ વાણીમાં ભાવાર્થ બહુ માર્મિક છતાં,**
**ભક્તો હૃદય તુજ જાણતાં ને મર્મ સહેજે પામતા.''**

પૂજ્ય બહેનશ્રી વારંવાર કહેતાં કે પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ છે અર્થાત્ સમવસરણના શ્રોતાઓની જેમ પૂજ્ય ગુરુદેવશ્રીની ગહન વાણીનો મર્મ બધાય જીવો સમજી જતા. સ્વયં પૂજ્ય ગુરુદેવશ્રી પણ પ્રવચનોમાં કહેતાં કે ચાર ચોપડી ભણેલાંને, અભણને, બધાને સમજાય તેવી (અમારી) આ વાત છે.

**નોંધ :—**એપ્રિલ-મે ૨૦૦૩ના આત્મધર્મના વિશેષાંકમાં ટાઈટલ પેઈજ-૧ ઉપર ગુરુભક્તિ અભિવ્યક્ત કરતી ઉપરોક્ત ભક્તિની જે ચાર લાઈન છપાયેલ છે તે સંપાદકની સ્વયં-સ્ફુરિત લેખની છે. *—સંપાદક*

# ✽ ઉપાદાન–નિમિત્તની સ્વતંત્રતા ✽

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું વ્યાખ્યાન
ભાદરવા વદ ૧, વીર સંવત ૨૪૭૩

### ૧. ઉપાદાન–નિમિત્ત.

ઉપાદાન કોને કહેવું? અને નિમિત્ત કોને કહેવું? આત્માની ત્રિકાળી શક્તિને ઉપાદાન કહેવાય છે તેમ જ પર્યાયની વર્તમાન શક્તિને પણ ઉપાદાન કહેવાય છે. જે અવસ્થામાં કાર્ય થાય છે તે સમયની તે અવસ્થા પોતે જ ઉપાદાન કારણ છે અને તે વખતે તેને અનુકૂળ પરદ્રવ્ય તે નિમિત્ત છે. નિમિત્તને લીધે ઉપાદાનમાં કાંઈ થતું નથી. આ ઉપાદાન–નિમિત્ત સંબંધી ચાલતી અનેક પ્રકારની મિથ્યામાન્યતા દૂર થઈ જાય તે માટે આ ઉપાદાન–નિમિત્તનો સિદ્ધાંત અનેક દૃષ્ટાંતો સહિત સમજાવવામાં આવે છે.

### ૨. ગુરુના નિમિત્તથી જ્ઞાન થતું નથી.

આત્મામાં જે જ્ઞાન થાય છે તે જ્ઞાન આત્માની પર્યાયની શક્તિથી થાય છે કે શાસ્ત્રના નિમિત્તથી થાય છે? આત્માની પર્યાયની જ્ઞાન થવાની લાયકાતથી જ જ્ઞાન થાય છે, નિમિત્તથી જ્ઞાન થતું નથી. જે વખતે આત્માની પર્યાયમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ થવાની લાયકાત હોય અને પુરુષાર્થ દ્વારા આત્મા સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે તે વખતે ગુરુને નિમિત્ત કહેવાય છે પણ ગુરુના નિમિત્તથી જ્ઞાન થતું નથી.

જ્યારે જીવમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવાનો પુરુષાર્થ હોય ત્યારે ગુરુની વાણીની જોગવાઈ હોય જ, પણ જ્યાં સુધી તે વાણી ઉપર જીવનું લક્ષ રહે છે ત્યાં સુધી રાગ છે. જ્યારે વાણીનું લક્ષ છોડીને સ્વભાવનો નિર્ણય કરે છે ત્યારે તે નિર્ણયમાં ગુરુને નિમિત્ત કહેવાય છે અને જીવને ગુરુના બહુમાનનો વિકલ્પ ઊઠે ત્યારે તે એમ પણ કહે કે મને ગુરુથી જ્ઞાન થયું.

### ૩. 'ગુરુથી જ્ઞાન થયું' એમ કહેવું તે કપટ નથી પણ વ્યવહાર છે.

પ્રશ્ન :—જ્ઞાન તો પોતાથી જ થયું છે, ગુરુથી થયું નથી એમ જાણે છે છતાં ગુરુથી જ્ઞાન થયું એમ કહેવું તે કપટ ન કહેવાય?

ઉત્તર :—વ્યવહારમાં એમ જ બોલાય. એ કપટ નથી પણ યથાર્થ સિદ્ધાંત છે. ગુરુના બહુમાનનો શુભ વિકલ્પ ઊઠ્યો છે તેથી નિમિત્તમાં આરોપ અપાય છે.

પ્રશ્ન :—ગુરુના બહુમાનનો વિકલ્પ ઊઠે તે તો બરાબર છે પણ 'ગુરુથી જ્ઞાન થયું' એમ શા માટે કહે છે ?

ઉત્તર :—બહુમાનનો વિકલ્પ ઊઠ્યો છે તેથી નિમિત્તમાં આરોપ કરીને વ્યવહારે તેમ કહેવાય છે. આરોપની ભાષા એવી જ હોય પણ ખરેખર ગુરુથી જ્ઞાન થયું છે એમ નથી અથવા તો ગુરુ ન હોત તો જ્ઞાન ન થાત એમ પણ નથી. પોતે પુરુષાર્થથી જ્યારે જ્ઞાન પ્રગટ કરે છે ત્યારે ગુરુ નિમિત્ત તરીકે ગણાય છે—એ સિદ્ધાંત છે.

**૪. માટીમાં ઘડારૂપ પર્યાય થવાની લાયકાત કાયમની નથી, પણ એક જ સમયની છે.**

માટીમાંથી ઘડો થયો તે તેની વર્તમાન પર્યાયની તે સમયની તેવી લાયકાતથી જ થયો છે, કુંભારના કારણે તે થયો નથી. કોઈ એમ કહે કે 'માટીમાં ઘડો થવાની લાયકાત તો કાયમ છે પણ કુંભાર આવ્યો ત્યારે ઘડો થયો.' તો એ માન્યતા ખોટી છે. માટીમાં ઘડારૂપ પર્યાય થવાની લાયકાત કાયમની નથી પણ વર્તમાન એક જ સમયની પર્યાયની તે લાયકાત છે, અને જે સમયે પર્યાયમાં ઘડો થવાની લાયકાત હોય છે તે સમયે જ ઘડો થાય છે. અન્ય પદાર્થોથી માટીને જુદી ઓળખાવવા માટે 'માટીમાં ઘડો થવાની લાયકાત છે' એમ દ્રવ્યાર્થિકનયે કહેવાય છે. પણ ખરેખર તો જ્યારે ઘડો થાય છે ત્યારે જ તેનામાં ઘડો થવાની લાયકાત છે, ત્યાર પહેલાં ઘડો થવાની લાયકાત નથી પણ બીજા પર્યાયો થવાની લાયકાત છે.

**૫. ગુરુને લીધે શ્રદ્ધા થતી નથી.**

આત્મા પુરુષાર્થથી સાચી શ્રદ્ધા કરે છે તે તેની પર્યાયની વર્તમાન તેવી લાયકાત છે ને ગુરુ પોતાના કારણે હાજર હોય છે તે નિમિત્ત છે. જીવે શ્રદ્ધા કરી માટે ગુરુને આવવું પડ્યું એમ નથી, તેમ જ ગુરુ આવ્યા તેના કારણે શ્રદ્ધા થઈ એમ પણ નથી; બંને પોતપોતાના કારણે છે. જો ગુરુ આવ્યા માટે શ્રદ્ધા થઈ એમ માનીએ તો, ગુરુ કર્તા અને શિષ્યને શ્રદ્ધા થઈ તે તેમનું કાર્ય—એમ બે દ્રવ્યોને કર્તાકર્મપણું થઈ જાય. અથવા તો શ્રદ્ધા કરી માટે ગુરુ આવ્યા તે તેનું કાર્ય—એમ બે દ્રવ્યોને કર્તાકર્મપણું થઈ જાય. પણ શ્રદ્ધા થઈ તે શ્રદ્ધાની પર્યાયના કારણે ને ગુરુ આવ્યા તે ગુરુની પર્યાયના કારણે, બંને સ્વતંત્ર છે.

**૬. શાસ્ત્રથી જ્ઞાન થતું નથી.**

સામે શાસ્ત્ર આવ્યું માટે જ્ઞાન થયું એમ નથી. પણ જે ક્ષણે પોતાની જ્ઞાન

થવાની લાયકાત છે તે ક્ષણે જીવ પોતાની શક્તિથી જ્ઞાન કરે છે અને ત્યારે નિમિત્ત તરીકે શાસ્ત્ર હોય છે. જ્ઞાન થવાનું હોય માટે શાસ્ત્રને આવવું પડે તેમ નથી, અને શાસ્ત્ર આવ્યું માટે જ્ઞાન થયું એમ પણ નથી.

આત્માના સામાન્ય જ્ઞાનસ્વભાવનું વિશેષરૂપ પરિણમન થઈને જ જ્ઞાન થાય છે. તે જ્ઞાન નિમિત્તના અવલંબન વગર અને રાગના આશ્રય વગર સામાન્ય જ્ઞાન-સ્વભાવના આશ્રયે જ થાય છે.

**૭. કુંભારને લીધે ઘડો થયો નથી.**

માટીના જે સમયની પર્યાયમાં ઘડો થવાની લાયકાત છે તે જ સમયે તે પોતાના ઉપાદાનથી ઘડારૂપે થાય છે અને તે વખતે કુંભારની હાજરી (ઉપસ્થિતિ) તેના પોતાના કારણે હોય છે તેને નિમિત્ત કહેવાય છે. ઘડો થાય તે વખતે કુંભાર વગેરે ન હોય તેમ બને નહિ, છતાં કુંભાર આવ્યો માટે માટીની અવસ્થા ઘડારૂપે થઈ એમ નથી, તેમ જ ઘડો થવાનો હતો માટે કુંભારને આવવું પડ્યું એમ પણ નથી. માટીમાં તે સમયના પર્યાયની ઘડો થવાની સ્વતંત્ર લાયકાતથી ઘડો થયો છે અને તે વખતે કુંભાર પણ પોતાની પર્યાયની હાજર રહેવાની સ્વતંત્ર લાયકાતથી હાજર છે; પણ કુંભારે ઘડો કર્યો નથી, તેમ જ કુંભારના નિમિત્તથી પણ ઘડો થયો નથી.

**૮. એક જ પર્યાયમાં બે પ્રકારની લાયકાત હોય જ નહિ.**

પ્રશ્ન :—જ્યાં સુધી કુંભારરૂપી નિમિત્ત ન હતું ત્યા સુધી માટીમાંથી ઘડો કેમ ન થયો ?

ઉત્તર :—અહીં એ ખાસ વિચારવાનું છે કે જે વખતે માટીમાંથી ઘડો નથી થયો તે વખતે તેનામાં શું ઘડો થવાની યોગ્યતા છે ? કે ઘડો થવાની યોગ્યતા જ નથી ?

જો એમ માનવામાં આવે કે માટીમાંથી ઘડો નથી થયો તે વખતે પણ માટીમાં ઘડો થવાની યોગ્યતા છે, પરંતુ નિમિત્ત નથી માટે ઘડો નથી થતો, તો એ માન્યતા બરાબર નથી. કેમ કે જ્યારે માટીમાં ઘડારૂપ અવસ્થા નથી ત્યારે તેમાં પિંડરૂપ વગેરે અવસ્થા છે અને તે વખતે તે અવસ્થા થવાની જ તેની યોગ્યતા છે. જે સમયે માટીની પર્યાયમાં પિંડરૂપ અવસ્થા થવાની યોગ્યતા હોય તે જ સમયે તેમાં ઘડારૂપ અવસ્થા થવાની પણ યોગ્યતા હોય એમ બની શકે જ નહિ. કેમ કે એક જ પર્યાયમાં એક સાથે બે પ્રકારની યોગ્યતા હોઈ શકે જ નહિ. આ સિદ્ધાંત અત્યંત અગત્યનો છે, તે દરેક ઠેકાણે લાગુ પાડવો.

આ સિદ્ધાંતથી નક્કી થયું કે માટીમાં જે વખતે પિંડરૂપ વગેરે અવસ્થા હતી તે વખતે તેનામાં ઘડારૂપ અવસ્થા થવાની યોગ્યતા જ ન હતી અને તેથી જ તેમાં ઘડો થયો નથી; પરંતુ કુંભાર ન હતો માટે ઘડો ન થયો એ વાત ખોટી છે.

**૯. 'નિમિત્તો ન મેળવે તો કાર્ય ન થાય' એ માન્યતાનું મિથ્યાપણું અને તે સંબંધી પુત્રનું દૃષ્ટાંત.**

'કોઈને પુત્ર થવાનો હતો, પણ વિષયરૂપ નિમિત્ત ન મળ્યું માટે તે ન થયો' એ વાત મિથ્યા છે. જો પુત્ર થવાનો જ હોય તો જે વખતે તે થવાનો હોય તે વખતે તે થાય જ અને તે વખતે વિષયાદિ નિમિત્ત પણ સ્વયં હોય. પુત્ર એટલે કે એક આત્મા અને અનંત રજકણો આવવાના તો છે પણ પતિ-પત્ની બ્રહ્મચર્ય પાળે છે એટલે કે પુત્ર થવાનું નથી મળતું તેથી તે આવતો અટકી ગયો છે એ માન્યતા મિથ્યા છે. પુત્ર થવાનો જ ન હતો અર્થાત્ તે જીવ અને અનંત રજકણોની ત્યાં આવવાની ક્ષેત્રાંતરરૂપ અવસ્થા થવાની લાયકાત જ ન હતી અને તેથી જ તેઓ આવ્યા નથી. 'પુત્ર આવવાની લાયકાત તો હતી પણ નિમિત્ત ન મળ્યું માટે તે ન આવ્યો ને નિમિત્ત મળ્યું ત્યારે તે આવ્યો' એ માન્યતાનો અર્થ એ થયો કે નિમિત્તે કર્યું; એ બે દ્રવ્યની એકત્વબુદ્ધિ જ છે. અથવા તો માતાપિતાએ નિમિત્તનો રસ્તો ન લીધો માટે પુત્ર ન થયો એ વાત પણ મિથ્યા છે. પુત્ર થવાની લાયકાત હોય ત્યારે તે થાય છે અને તે વખતે વિષયાદિનો અશુભ વિકલ્પ તથા શરીરની ભોગરૂપ ક્રિયા હોય તેને નિમિત્ત કહેવાય છે પણ પુત્ર આવવાનો હતો તેના કારણે વિકલ્પ કે ક્રિયા થયા નથી અને વિકલ્પ તથા ક્રિયા થયા તેના કારણે પુત્ર આવ્યો એમ પણ નથી. વિષયનો અશુભ વિકલ્પ આવ્યો માટે દેહની ક્રિયા થઈ એમ નથી, તેમ જ દેહની ક્રિયા થવાની હતી માટે અશુભ વિકલ્પ આવ્યો એમ પણ નથી. દરેક દ્રવ્યે પોતપોતાનું કાર્ય સ્વતંત્રપણે કર્યું છે.

**૧૦. જીવ નિમિત્તોને મેળવી શકે નહીં કે દૂર કરી શકે નહિ, માત્ર પોતાનું લક્ષ ફેરવી શકે.**

જીવ પોતામાં શુભભાવ કરી શકે પણ શુભભાવ કરવાથી તે બહારના શુભ નિમિત્તોને મેળવી શકે અથવા તો અશુભ નિમિત્તોને દૂર કરી શકે એમ નથી. જીવ પોતે અશુભ નિમિત્તો ઉપરથી લક્ષ ફેરવીને શુભ નિમિત્તો ઉપર લક્ષ કરે પણ નિમિત્તોને નજીક લાવવા કે દૂર કરવા તે જીવ કરી શકતો નથી. કોઈ જિનમંદિર વગેરે ધર્મસ્થાનનો શિલાન્યાસ (ખાતમુહૂર્ત) કરવાનો શુભભાવ જીવે કર્યો માટે જીવના ભાવને લીધે

બહારમાં ખાતમુહૂર્તની ક્રિયા થઈ એ વાત ખોટી છે. જીવ માત્ર નિમિત્ત ઉપર લક્ષ કરે અથવા લક્ષ છોડે, પણ નિમિત્તરૂપ બાહ્ય પદાર્થોમાં તે કાંઈ ફેરફાર કરી શકે નહિ. આવો વસ્તુનો સ્વભાવ જ છે. આ સમજવું તે ભેદજ્ઞાન છે.

**૧૧. પંચમહાવ્રતને કારણે ચારિત્રદશા નથી ને *ચારિત્રના કારણે વસ્ત્રનો ત્યાગ નથી.**

જેને આત્માની નિર્મળ વીતરાગી ચારિત્રદશા થાય તેને તે દશા થયા પહેલાં ચારિત્ર અંગીકાર કરવાનો વિકલ્પ ઊઠે છે. જે વિકલ્પ ઊઠે છે તે રાગ છે, તેના કારણે વીતરાગભાવરૂપ ચારિત્ર પ્રગટતું નથી. ચારિત્ર તો તે જ સમયની પર્યાયના પુરુષાર્થથી પ્રગટે છે.

ચારિત્રદશા વખતે શરીરની નગ્ન દશા શરીરના કારણે હોય છે. આત્માને ચારિત્ર અંગીકાર કરવાનો વિકલ્પ ઊઠ્યો તેના કારણે અથવા તો ચારિત્રદશા પ્રગટ કરી તેના કારણે શરીર ઉપરથી કપડાં છૂટી ગયાં એમ નથી પણ તે સમયે કપડાંના પરમાણુઓની અવસ્થામાં ક્ષેત્રાંતર થવાની જ લાયકાત હતી તેથી જ ખસ્યાં છે. આત્માએ વિકલ્પ કર્યો માટે તે વિકલ્પને આધીન કપડાં છૂટી ગયાં એમ જો હોય તો, વિકલ્પ કર્તા થયો અને કપડાં છૂટ્યાં તે તેનું કર્મ થયું એટલે કે બે દ્રવ્યો એક થઈ ગયા. તેવી જ રીતે કપડાં છૂટવાનાં હતાં માટે જીવને વિકલ્પ આવ્યો એમ પણ નથી. કેમ કે જો એમ હોય તો કપડાં છૂટવાનો પર્યાય કર્તા ઠરે અને વિકલ્પ આવ્યો તે તેનું કર્મ ઠરે એટલે બે દ્રવ્યો એક થઈ જાય. જ્યારે સ્વભાવના ભાનપૂર્વક ચારિત્રનો વિકલ્પ ઊઠે છે અને ચારિત્ર ગ્રહણ કરે છે ત્યારે વસ્ત્ર છૂટવાનો પ્રસંગ સહજપણે તેના કારણે હોય છે. પણ 'મેં વસ્ત્ર છોડ્યાં અથવા તો મારો વિકલ્પ નિમિત્ત થયો તેથી વસ્ત્ર છૂટી ગયાં' એવી માન્યતા મિથ્યા છે. વીતરાગી ચારિત્ર પહેલાં પંચમહાવ્રતાદિનો વિકલ્પ આવ્યા વગર ન રહે પણ તે વિકલ્પના આશ્રયે ચારિત્રદશા પ્રગટતી નથી.

ચારિત્રમાં પંચમહાવ્રતના વિકલ્પને નિમિત્ત કહેવાય છે. વિકલ્પ તો રાગ છે, તેનાથી સ્વભાવ તરફ ઢળાતું નથી; પણ વિકલ્પ છોડીને સ્વભાવ તરફ ઢળે ત્યારે પૂર્વના વિકલ્પને નિમિત્ત કહેવાય છે. પંચમહાવ્રતાદિના વિકલ્પને ચારિત્રનું નિમિત્ત ક્યારે કહેવાય ? કે સ્વભાવમાં લીનતાનો પુરુષાર્થ કરીને ચારિત્રદશા પ્રગટ કરે તો વિકલ્પને તેનું નિમિત્ત કહેવાય. પણ પંચમહાવ્રતના વિકલ્પરૂપ નિમિત્તને પ્રગટ કરું તો ચારિત્ર પ્રગટે એવી માન્યતા મિથ્યા છે. તેવી જ રીતે વ્યવહાર-દર્શન, વ્યવહાર-જ્ઞાન ને વ્યવહાર-ચારિત્રના પરિણામ કરું તો તેનાથી નિશ્ચય દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટે એ માન્યતા પણ મિથ્યા છે.

**૧૨. સમય સમયના પર્યાયની સ્વતંત્રતા અને ભેદજ્ઞાન.**

આ વાત દરેક વસ્તુના સ્વતંત્ર સ્વભાવની છે. સ્વભાવની સ્વતંત્રતા ન સમજે અને 'નિમિત્તથી થાય' એમ માને તો સમ્યક્ શ્રદ્ધા નથી અને સમ્યક્ શ્રદ્ધા વગર જ્ઞાન સાચું નથી, શાસ્ત્રનાં ભણતર સાચાં નથી, વ્રત સાચાં નથી તથા ત્યાગ પણ સાચો નથી. દરેક વસ્તુના સમય સમયના પર્યાયની સ્વતંત્રતા છે. દરેક પદાર્થમાં તેના સમય સમયના પર્યાયની લાયકાતથી પોતાના કારણે કાર્ય થાય છે. પર્યાયની લાયકાત ઉપાદાન કારણ છે અને તે વખતે તે કાર્ય માટે અનુકૂળ હોવાનો આરોપ જેના ઉપર આવી શકે એવી લાયકાતવાળી બીજી ચીજ તે ક્ષેત્રે હોય તેને નિમિત્ત કારણ કહેવાય છે પણ તેના કારણે વસ્તુમાં કાંઈ થતું નથી. આવું ભિનતાનું યથાર્થ ભાન તે ભેદજ્ઞાન છે.

આત્મા તેમ જ દરેક પરમાણુનો પર્યાય સ્વતંત્ર છે. જીવને વાંચવાનો વિકલ્પ ઊઠ્યો માટે પુસ્તક હાથમાં આવ્યું એમ નથી અથવા તો પુસ્તક હાથમાં આવ્યું માટે જીવને વાંચવાનો વિકલ્પ ઊઠ્યો એમ પણ નથી. તેમ જ જ્ઞાન થવાનું હતું માટે વાંચવાનો વિકલ્પ ઊઠ્યો એમ નથી અને વાંચવાનો વિકલ્પ ઊઠ્યો માટે જ્ઞાન થયું એમ પણ નથી, દરેક દ્રવ્યે તે વખતે સ્વતંત્રપણે પોતપોતાનું કાર્ય કર્યું છે. વીતરાગી ભેદવિજ્ઞાન એમ જણાવે છે કે દરેક સમયે પર્યાય પોતાના સ્વતંત્ર ઉપાદાનથી જ કાર્ય કરે છે. ઉપાદાનનું કાર્ય નિમિત્ત આવે તો થાય એવું પરાધીન વસ્તુસ્વરૂપ નથી પણ ઉપાદાનનું કાર્ય સ્વતંત્ર થાય છે અને ત્યારે નિમિત્ત તેની પોતાની તેવી લયકાતથી હાજર હોય છે.

**૧૩. સૂર્ય ઊગ્યો માટે છાયામાંથી તડકો થયો એ વાત ખોટી.**

પરમાણુની અવસ્થામાં જે સમયે છાયામાંથી તડકો થવાની લાયકાત હોય તે જ સમયે તડકો થાય છે અને તે સમયે સૂર્ય નિમિત્ત તરીકે હાજર હોય છે, પણ સૂર્યરૂપી નિમિત્ત આવ્યું માટે છાયામાંથી તડકો થયો એ વાત ખોટી છે. તેમ જ છાયામાંથી તડકારૂપે અવસ્થા થવાની હતી માટે સૂર્યરૂપી નિમિત્તને આવવું પડ્યું એ વાત પણ ખોટી છે. સૂર્ય ઊગ્યો તે તેની તે વખતની તેવી લાયકાતથી ઊગ્યો છે ને પરમાણુઓ છાયામાંથી તડકારૂપે થયા તે પણ તેમની તે સમયની તેવી લાયકાતથી થયા છે.

**૧૪. કેવળજ્ઞાનની અને વજ્રર્ષભનારાચસંહનન–બંનેની સ્વતંત્રતા.**

કેવળજ્ઞાન થાય ત્યારે વજ્રર્ષભનારાચસંહનન નિમિત્તરૂપે હોય છે પણ તે વજ્રર્ષભનારાચસંહનન નિમિત્તરૂપે છે માટે કેવળજ્ઞાન થાય છે એમ નથી અને કેવળજ્ઞાન

થવાનું છે માટે વજ્રર્ષભનારાચસંહનનપણે પરમાણુઓને થવું પડ્યું એમ પણ નથી. જ્યાં જીવના પર્યાયમાં કેવળજ્ઞાનના પુરુષાર્થની જાગૃતિ હોય છે ત્યાં શરીરના પરમાણુઓમાં વજ્રર્ષભનારાચસંહનનરૂપ અવસ્થા પરમાણુની તેવી લાયકાતથી હોય છે. બંનેની લાયકાત સ્વતંત્ર છે, કોઈના કારણે કોઈ નથી. જીવમાં કેવળજ્ઞાન પામવાની યોગ્યતા હોય ત્યારે શરીરના પરમાણુઓમાં વજ્રર્ષભનારાચસંહનનરૂપ અવસ્થા થવાની જ યોગ્યતા હોય એવો મેળ સ્વભાવથી જ છે, કોઈ એકબીજાના કારણે નથી.

**૧૫. પેટ્રોલ ખૂટ્યું માટે મોટર અટકી એ વાત સાચી નથી.**

મોટર ચાલતી હોય અને તેની પેટ્રોલની ટાંકી ફૂટી જતાં તેમાંથી પેટ્રોલ નીકળી જાય અને મોટર ચાલતી અટકી જાય. ત્યાં પેટ્રોલ નીકળી ગયું માટે મોટર અટકી ગઈ એમ નથી. જે સમયે મોટરમાં ગતિરૂપ અવસ્થા થવાની લાયકાત હોય તે સમયે તે ગતિ કરે છે અને તે વખતે પેટ્રોલની અવસ્થા મોટરની ટાંકીના ક્ષેત્રમાં રહેવાની હોય છે, પણ પેટ્રોલ છે માટે મોટર ચાલે વાત ખોટી છે. મોટરના દરેક પરમાણુ પોતાની સ્વતંત્ર ક્રિયાવતી શક્તિની ગમન કરવાની લાયકાતથી ગમન કરે છે. પેટ્રોલ નીકળી ગયું માટે મોટરની ગતિ અટકી ગઈ એમ નથી. જે ક્ષેત્રે જે સમયે મોટરની અટકવાની લાયકાત હતી તે જ ક્ષેત્રે અને તે જ સમયે મોટર અટકી છે અને પેટ્રોલના પરમાણુઓ પણ પોતાની છૂટા પડવાની લાયકાતથી જ છૂટા પડ્યા છે. પેટ્રોલ ખૂટ્યું માટે મોટર અટકી એ વાત સાચી નથી.

**૧૬. વાણી એની મેળે (–પરમાણુઓથી) બોલાય છે, જીવ તેનો કર્તા નથી.**

બોલવાનો વિકલ્પ–રાગ થયો માટે વાણી બોલાણી એમ નથી અને વાણી બોલાવાની હતી માટે વિકલ્પ થયો એમ પણ નથી. જો રાગના કારણે વાણી બોલાતી હોય તો, રાગ કર્તા અને વાણીના પરમાણુ તેનું કર્મ એમ ઠરે, અથવા વાણી બોલાવાની હતી માટે રાગ થયો એમ હોય તો, વાણીના પરમાણુ કર્તા અને રાગ તેનું કર્મ એમ ઠરે. પણ રાગ તો જીવની પર્યાય છે અને વાણી તો પુદ્‌ગલની પર્યાય છે, તેમને કર્તાકર્મભાવ ક્યાંથી હોય? જીવના પર્યાયની રાગરૂપે થવાની લાયકાત હોય તો રાગ થાય છે ને વાણીના પરમાણુઓનું તે વખતનું સહજ પરિણમન છે. પરમાણુઓ સ્વતંત્રપણે વાણીરૂપે પરિણમે ત્યારે જીવને રાગ હોય તો તેને નિમિત્ત કહેવાય છે. કેવળી ભગવાનને વાણી હોવા છતાં રાગ હોતો નથી.

**૧૭. શરીર એની પોતાની ચાલવાની યોગ્યતાથી ચાલે છે, જીવની ઈચ્છાથી નહિ.**

જીવ ઈચ્છા કરે છે માટે શરીર ચાલે છે એમ નથી, અને શરીર ચાલે છે માટે

જીવને ઈચ્છા થાય છે એમ પણ નથી. શરીરના પરમાણુઓમાં પોતાની ક્રિયાવતી શક્તિની ગતિ કરવાની લાયકાતથી ગતિ થાય છે, ત્યારે કોઈ જીવને પોતાની અવસ્થાની ઈચ્છા થવાની લાયકાતથી ઈચ્છા હોય છે અને કોઈને નથી પણ હોતી. કેવળીને શરીરની ગતિ હોવા છતાં ઈચ્છા નથી હોતી. જીવની ઈચ્છાના નિમિત્તથી શરીર ચાલે એ વાત ખોટી છે અને શરીરની ગતિના નિમિત્તથી જીવને ઈચ્છા થાય છે એ વાત પણ ખોટી છે.

**૧૮. વિકલ્પ નિમિત્ત છે માટે ધ્યાન જામે છે એ વાત સાચી નથી.**

ચૈતન્યના ધ્યાનનો વિકલ્પ ઊઠે તે રાગ છે પણ તે વિકલ્પરૂપી નિમિત્તના કારણે ધ્યાન જામે છે એમ નથી. જ્યાં ધ્યાન જામવાનું હોય ત્યાં પહેલાં વિકલ્પ હોય છે, પરંતુ વિકલ્પને કારણે ધ્યાન નથી ને ધ્યાનને કારણે વિકલ્પ નથી. પર્યાયમાં જે વિકલ્પ હતો તે પર્યાયની તેવી સ્વતંત્ર લાયકાતથી પર્યાયમાં જે ધ્યાન જામ્યું તે પણ પર્યાયની તેવી સ્વતંત્ર લાયકાતથી જામ્યું છે. [ક્રમશઃ]

* * *

**✻ એક જ પર્યાયમાં એક સાથે બે પ્રકારની યોગ્યતા ન હોય ✻**

એક સમયમાં બે લાયકાત હોતી જ નથી. કેમ કે જે સમયે જેવી લાયકાત હોય છે તે સમયે તેવો પર્યાય પ્રગટ હોય છે, તેથી એક જ વખતે જો બે લાયકાત હોય તો એક સાથે બે પર્યાય પ્રગટ થઈ જાય. પરંતુ એમ કદી બની શકે નહિ. જે સમયે એક પર્યાય પ્રગટ હોય છે તે સમયે બીજા પર્યાયો થવાની લાયકાત જ હોતી નથી. લોટરૂપે રહેવાની અવસ્થાની લાયકાત વખતે રોટલીરૂપે થવાની અવસ્થાની લાયકાત જ હોતી નથી. તો પછી નિમિત્ત ન મળ્યું માટે રોટલી ન થઈ એ વાતને અવકાશ ક્યાં છે? અને જ્યારે રોટલી થાય છે ત્યારે તે પૂર્વના લોટપર્યાયનો અભાવ કરીને જ થાય છે, તો પછી બીજાને તેનું કારણ કેમ કહેવાય? બહુ બહુ તો લોટરૂપ પર્યાયનો વ્યય થયો તેને રોટલીરૂપ પર્યાયનું કારણ કહી શકાય.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

ગઢડા નિવાસી, ચેન્નાઈવાસી શ્રી કાન્તિલાલ અમીચંદ કામદારપરિવારના સૌજન્યથી

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદ તથા ઔદાર્ય સાથે સંપન્ન

# ૧૧૪મો શ્રી કહાનગુરુ-જન્મમહોત્સવ

ધન્ય ! વૈશાખી બીજ

અહો ! ભવોદધિ–તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના મંગલ જન્મોત્સવની આનંદદાયી મહિમા શું કહી શકાય ! જૈનજગતમાં જે મહત્વ તીર્થંકરોના જન્મકલ્યાણક–દિવસનું છે, ખરેખર એવું જ મહત્વ મુમુક્ષુજગતમાં આપણા તીર્થકરોપમ–તારણહાર, અધ્યાત્મ-માર્ગોદ્યોતક, પરમોપકારી પૂજ્ય કહાનગુરુદેવના મંગલ જન્મદિવસનું છે. વૈશાખ સુદ બીજને, આવા અસાધારણ મહાપુરુષને જન્મ આપીને, વસ્તુતઃ ઐતિહાસિક ધન્યતા ઉપલબ્ધ થઈ ગઈ !

## પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત વિશુદ્ધ અધ્યાત્મધારાના સાતિશય પ્રભાવક અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મ-પુરુષ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૪મો ભક્તવૃંદાનંદકારી મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં, તા. ૨૯-૪-૨૦૦૩ થી તા. ૩-૫-૦૩ સુધી પંચાહ્નિક ભવ્ય સમારોહપૂર્વક અત્યંત આનંદોલ્લાસ તથા વિશેષ ઔદાર્ય સાથે સંપન્ન થયો. આ મંગલ મહોત્સવના આયોજક શ્રી કાન્તિલાલ અમીચંદ કામદાર-પરિવારના આબાલ-વૃદ્ધ સર્વે સદસ્યોને આ ગુરુ-જન્મોત્સવને અતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો ઘણો ઉત્સાહ હતો.

## ગુરુ-ભક્તિની પ્રેરણાદાત્રી

સનાતન સત્ય વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃતભાવભીના ભક્તુલ્લાસના આ મંગલ અવસર પર. કહાન ગુરુ-ઉપકાર મહિમા બતાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની પરોક્ષ મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. શ્રી કાન્તિભાઈ કામદાર-પરિવાર દ્વારા આયોજિત આ પવિત્ર જન્મજયંતી-સમારોહમાં સર્વે મુમુક્ષુસમાજે, તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ ૧૧૪મો ગુરુજન્મોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો.

## ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન

ગુરુ-જન્મોત્સવની આ પવિત્ર વેળાએ દેશવિદેશથી ૩૫૦૦થી અધિક ગુરુભક્ત ઉપસ્થિત હતા. પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતા પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનયુક્ત મુમુક્ષુઓ દ્વારા, આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ-પરમાગમ-સફળ-ગદ્યપદ્યાનુવાદક, ગુરુભક્ત

પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહની ગુરુભક્તિભીની ઉલ્લાસવર્ધિની કલ્યાણી પરોક્ષ આશિષ-છાયામાં, સંપન્ન કરેલો આ ગુરુ-જન્મોત્સવ વસ્તુતઃ સર્વેને ધર્મપ્રભાવનાપૂર્ણ તથા આનંદદાયી અનુભૂત થયો.

## આયોજકની ઉલ્લાસભીની કાર્યતત્પરતા

જેમના સૌજન્યથી આ મંગલ જન્મોત્સવ સુસંપન્ન થયો તે ઉપર્યુક્ત કામદાર-પરિવારના મહાન સૌભાગ્યથી સમ્પ્રાપ્ત આ ગુરુ-જન્મોત્સવ ઊજવવાનો એટલો અધિક આનંદોલ્લાસ હતો કે તેઓએ સ્વયં પોતાના અસાધારણ ઉત્સાહથી 'કહાનગરુ-જીવન દર્શન' બીટા-કેમ ફિલ્મ તૈયાર કરાવીને તેનો પ્રશંસનીય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જે અત્યંત મનોજ્ઞ હતો. તેને જોઈને આખો સમાજ અતિ પ્રસન્ન થયો હતો.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે બહેનશ્રીની દેવગુરુભક્તિ તથા સ્વાનુભવરસભીની ઓડિયો-ધર્મચર્ચા, જિનેન્દ્ર-દર્શનપૂજા, પરમાગમમંદિરમાં 'સોલહકારણ-વિધાનપૂજા', ('સોલહકારણભાવના'નો માંડલો અત્યંત ભવ્ય તથા દર્શનીય બનાવવામાં આવ્યો હતો.) ગુરુભક્તિ–પદોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવિધ ભવ્ય શોભાસાજથી વિભૂષિત મનોહર મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મ–રસપૂર્ણ ટેપપ્રવચન, સમૂહ–ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શ્રી સમયસાર-કળશટીકા તથા 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' પર શાસ્ત્ર પ્રવચન, પરમાગમમંદિરમાં સમૂહ જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, આયોજકો તરફથી સાંજની ભક્તિ (સાંજી), મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન અને અંતમાં પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા તથા યાત્રા-વિડિયો દ્વારા ગુરુદર્શન, તા. ૧ અને ૨ ની રાત્રે 'કહાનગુરુ-જીવન-દર્શન' બીટા-કેમ ફિલ્મ બતાવવામાં આવી હતી. 'આ કાર્યક્રમ સુંદર રહ્યો (ઉપસ્થિત મુમુક્ષુ સમાજે એની ખૂબ પ્રશંસા કરી હતી')—આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારુ ચાલતો હતો. પૂજા, પ્રવચન તથા ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગ્યા પુરી ભરાઈ જતી હતી.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર-પારણાઝૂલન

વાર્ષિક ગુરુ-જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૨-૫-૨૦૦૩ના દિવસે સવારે 'ધાતકી-વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના સમવસરણ-વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણ-રજતનિર્મિત ત્રિપીઠિકાયુક્ત ભવ્ય ગંધકૂટી પર બિરાજમાન ભાવિ-ભગવાનનો સમવસરણ-વિહાર સર્વે ભક્તોને અતિ આનંદપ્રદ અનુભૂત થતો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય સાજ તથા વાજા સાથે 'કહાનકુંવરના પારણાઝુલન'નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો (પારણાઝૂલનની બોલીનું સૌભાગ્ય શ્રી કાન્તિલાલ અમીચંદભાઈ કામદાર-પરિવારને સંપન્ન થયું હતું.) આ મંગલ રથોત્સવની ભવ્યતા જોઈને ઇતર ગ્રામજનતા

પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. ભજનમંડળીએ મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

આ મંગલ અવસર પર શાસ્ત્ર પ્રવચન સર્વશ્રી નિરંજનભાઈ (સુરત), હિંમતભાઈ ડગલી, ડૉ પ્રવીણભાઈ (રાજકોટ), રાજુભાઈ કામદાર, બ્ર. ચંદુભાઈ ઝોબાલિયા તથા અધ્યાપનકાર્ય સર્વશ્રી ડૉ. પ્રવીણભાઈ, રાજુભાઈ કામદાર તથા સુભાષભાઈ શેઠે ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કર્યું હતું.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ

## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે, મનોહર દ્રશ્યોથી વિભૂષિત સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીની તખ્તાસીન વિશાળ ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યું) સમક્ષ ક્રમશઃ પ્રાતઃદર્શન, સદ્‌ગુરુદેવસ્તુતિ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ પ્રણિપાત-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું વિડિયો-'માંગલિક', પ્રાસંગિક ભક્તિ તથા વંદના, પરમાગમમંદિરમાં 'સોલહકારણ મંડલવિધાનપૂજા' તથા તેનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન; તત્પશ્ચાત્ ગીત તથા જયકારપૂર્વક, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું (પ્રતિકૃતિના રૂપમાં) મંગલ પદાર્પણ, તથા રજતનિર્મિત માનસ્તંભ સ્થિત-જિનવરની સ્વર્ણિમ પ્રતિકૃતિ સહ અક્ષત-પુષ્પોથી ગુરુ-પ્રતિકૃતિના સમક્ષ ગુરુ-જન્મવધાઈ; બપોરે શાસ્ત્રપ્રવચન, દેવગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, તીર્થયાત્રા-વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન અને અંતમાં બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા. ઉત્સવમાં મળેલ ગુરુદર્શન તથા બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાથી સમાગત મહેમાનોને અત્યંત આનંદાનુભૂતિ થતી હતી.

**સ્થાયી મંડલ વિધાન પૂજા :** આ મંગલ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૮૩ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૮ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત કહાનગુરુ-જન્મોત્સવના પાંચે દિવસ સમાગત મહેમાનો માટે સવારે અને સાંજે તથા સ્થાનીય મુમુક્ષુમંડલ માટે સવારનું જમણ (—સ્વામીવાત્સલ્ય) જન્મોત્સવ-આયોજક શ્રી કાન્તિલાલ અમીચંદભાઈ કામદાર-પરિવાર તરફથી તથા સ્થાયી જમણ ૭ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

સોનગઢથી પ્રકાશિત ધાર્મિક સાહિત્યમાં કુલ ૪૦ ટકા ડિસકાઉન્ટ વિભિન્ન ૪ મહાનુભાવો તરફથી રાખવામાં આવેલું.

આ મંગલ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૯,૪૮,૨૬૩-૫૦ની ઉપજ થઈ હતી—

| | | |
|---|---|---|
| ૧. | ૧૧૪ના અંકમાં ૧૧૪×૧૫૩૪ | ૧,૭૪,૮૭૬=૦૦ |
| ૨. | પ્રાસંગિક વિધાનપૂજા | ૮,૦૦૮=૦૦ |
| ૩. | રથયાત્રામાં બોલી | ૧,૯૭,૦૧૦=૦૦ |

| | |
|---|---|
| ૪. રૂા. ૧૦૦૧ની વધાઈ ૧૦૦૧×૧૬ | ૧૬,૦૧૬=૦૦ |
| ૫. રૂા. ૫૦૧ની વધાઈ ૫૦૧×૬૦૭ | ૩,૦૪,૧૦૭=૦૦ |
| ૬. જિનેન્દ્ર-આરતીમાં | ૪,૨૯૨=૫૦ |
| ૭. રથયાત્રા, પારણાઝુલન તથા જન્મવધાઈ સ્ટેજ પર | ૬૧,૪૫૨=૦૦ |
| ૮. અન્ય | ૧,૮૨,૫૦૨=૦૦ |
| કુલ રૂા. | ૯,૪૮,૨૬૩=૫૦ |

તદ્ઉપરાંત મહોત્સવનો બધો ખર્ચ આયોજક શ્રી કાન્તિલાલ અમીચંદભાઈ કામદાર-પરિવાર તરફથી આપવામાં આવ્યો હતો.

* * *

## પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ચૌદમી સાવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૧૪-૫-૨૦૦૩ થી તા. ૧૮-૫-૨૦૦૩ (વૈશાખવદ ૩) સુધી –પાંચ દિવસ, સુવર્ણપુરીમાં તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ–પ્રકાશનરુપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં સાદગીથી રાખવામાં આવી હતી.

*

# સુવર્ણપુરી (સોનગઢ) સમાચાર —

**શ્રુતપંચમી પર્વ :—** જેઠ સુદ ૫, તા. ૫-૬-૨૦૦૩ ગુરુવારના દિવસે શ્રુતપંચમીપર્વ શ્રી ષટ્ખંડાગમ જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવ્યું.

**આદ્રા નક્ષત્ર :—** તા. ૨૨-૬-૦૩, રવિવારના દિવસે બપોરે ૨-૫૯ વાગે શરૂ થાય છે.

**અષાઢી-અષ્ટાહ્નિકાપર્વ :—** અષાઢ મહિનાની નંદીશ્વર-અષ્ટાહ્નિકા તા. ૬-૭-૦૩, રવિવારના દિવસે શરૂ થાય છે તથા તેની પૂર્ણાહુતિ તા. ૧૩-૭-૦૩, રવિવારના દિવસે થાય છે.

**વીરશાસન-જયંતી : (મહાવીર-દેશના પ્રારંભદિન)** તા. ૧૪-૭-૨૦૦૩ના દિવસે છે. આ બંને પર્વ પૂજા, ભક્તિ તથા તત્વજ્ઞાનોપાસનાપૂર્વક ઊજવવામાં આવશે.

### * આત્મધર્મ-વાર્ષિક શુલ્ક *

આ જૂન માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરૂ થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલું રહેવા ઇચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯-૦૦ તાત્કાલીક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઇચ્છતા હો તો રૂા. ૧૦૧-૦૦ મોકલાવવા વિનંતી.

શ્રી કુંદકુંદ-કહાન દિ૦ જૈન મુમુક્ષુમંડળ, પાર્લા-સાંતાક્રૂઝ તરફથી આયોજનાધીન

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૦મી જન્મજયંતી

પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત ધન્યાવતાર સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો આગામી ૯૦મો મંગલમય જન્મમહોત્સવ (શ્રાવણ વદ બીજ) તા. ૧૦-૮-૦૩, રવિવાર થી તા. ૧૪-૮-૦૩, ગુરુવાર—પાંચ દિવસ સુધી સુવર્ણપુરીમાં (સોનગઢમાં) અમારા (પાર્લા-સાંતાક્રૂઝના શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ) તરફથી અતિ આનંદોલ્લાસ સહ—રત્નત્રયમંડલવિધાનપૂજા, અધ્યાત્મજ્ઞાનોપાસના, દેવ-ગુરુભક્તિમય વિવિધ કાર્યક્રમપૂર્વક—ઊજવવામાં આવનાર છે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

આ મંગલ જન્મમહોત્સવની નિમંત્રણ-પત્રિકાની લેખનવિધિ, સોનગઢમાં અષાઢ વદ ૧, સોમવાર, તા. ૧૪-૭-૨૦૦૩ના શુભ દિને રાખવામાં આવેલ છે.

નિવેદક :—

શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષમંડળ ટ્રસ્ટ

પાર્લા-સાન્તાક્રૂઝ

*

## * પ્રશ્નોત્તર સ્પર્ધા *

પરમ ઉપકારી પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતીમાતા બહેનશ્રી ચંપાબહેનના ૯૦ મા મંગળ જન્મ જયંતી મહોત્સવ પ્રસંગે પ્રશ્નોત્તર સ્પર્ધાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે મુમુક્ષુ ભાઈઓ-બહેનો-બાળકો ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ નીચેના એડ્રેસ-ટેલીફોન ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

**વિષય :—પૂજ્ય ભગવતી માતાનું જીવન અને વાણી.**

એડ્રેસ :— શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ
અનિલ વિલા, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ,
નાણાવટી ગર્લ્સ સ્કુલ સામે, ત્રીજે માળે,
વિલેપારલે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬.

ફોન સંપર્ક :— શ્રી નિરંજનભાઈ જોબાળિયા. ફોન (૦૨૨) ૨૬૪૬૨૦૩૨
શ્રી દિપેનભાઈ પારેખ. ફોન (૦૨૨) ૨૬૨૮૩૧૮૬.

## વૈરાગ્ય-સમાચાર :—

અમદાવાદનિવાસી શ્રી કંચનબેન ચંદુલાલ સંઘવી (વર્ષ—૭૬) તા. ૧૧-૧-૨૦૦૩ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

રાજકોટનિવાસી શ્રી જ્યોતિબેન જ્યોતિન્દ્રભાઈ પારેખ (વર્ષ—૫૮) કેન્સરની લાંબી બિમારીથી તા. ૭-૧-૨૦૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. કેન્સરની બિમારીમાં વેદના હોવા છતાં સમતાભાવે દેહ છોડ્યો હતો.

રાજકોટ નિવાસી જ્યોતિન્દ્રભાઈ પારેખ (વર્ષ-૬૪) તા. ૨૧-૩-૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાણપુરનિવાસી (હાલ-સુરેન્દ્રનગર) શ્રી ચંદ્રકાંતભાઈ વાડીલાલ શાહ (વર્ષ—૭૨) (—તે બ્ર. શ્રી સુમિત્રાબેનના બનેવી) તા. ૨૭-૧૧-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણનિવાસી (હાલ-મદ્રાસ) શ્રી સૂર્યકાંતભાઈ ભાઈલાલભાઈ શાહ (વર્ષ—૬૫) (—તે બ્ર. શ્રી સુમિત્રાબેનના ભાઈ) કલકત્તાથી મદ્રાસ આવતાં ટ્રેઈનમાં હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

દામનગરનિવાસી (હાલ-કલકત્તા) શ્રી બાલુભાઈ ઓધવજી શાહ (વર્ષ—૭૯) તા. ૨૫-૧-૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લાઠીનિવાસી (હાલ-બોરીવલી) શ્રી કનુભાઈ ડાયાલાલ ભાયાણી (વર્ષ—૭૧) તા. ૩૧-૧-૦૩ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

રાણાગઢનિવાસી (હાલ-માટુંગા) કુસુમબેન ગીરધરલાલ દોશી (વર્ષ—૭૭) તા. ૨-૨-૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી (હાલ-કલકત્તા) શ્રી રસિકલાલ વિક્રમચંદ સંઘવી (વર્ષ—૮૬) તા. ૧૩-૨-૨૦૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ સત્‌સમાગમ અર્થે ઘણા વર્ષો સોનગઢમાં સ્થાયી નિવાસ કર્યો હતો, તેઓને તત્ત્વનો ઘણો અભ્યાસ હતો, ઊંડી તત્ત્વરુચિ હતી.

વડોદરાનિવાસી પરેશકુમાર બાલુભાઈ મહેતા ઉમરાળાવાળા (વર્ષ-૫૨) તા. ૨૨-૩-૦૩ના રોજ કેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

ગઢડાનિવાસી (હાલ-દાદર-મુંબઈ) સમજુબેન જેઠાલાલ ભાયાણી (વર્ષ-૮૩) તા. ૩૧-૧-૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

નવરંગપુરા (અમદાવાદ) નિવાસી મધુકાંતાબેન બાબુભાઈ શાહ (દહેગામવાળા) (વર્ષ-૮૬) તા. ૨૦-૩-૨૦૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ઘણા વર્ષોથી સોનગઢ સ્થાયી મકાન લઈને તેઓએ સત્‌સંગનો ઘણો જ લાભ લીધો હતો.

વાંકાનેરનિવાસી (હાલ-મુંબઈ) ગં. સ્વ. શ્રી વિજયાબેન ચિમનલાલ સંઘવી (દાદર-મંદિરના

પ્રવચનકાર સ્વ. શ્રી સુરેશભાઈના માતુશ્રી) (વર્ષ-૮૫) તા. ૨૫-૩-૦૩ના રોજ સોનગઢ મુકામે હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

સુરતનિવાસી શ્રી જ્યોતિબેન નિરંજનભાઈ ડેલીવાળા (વર્ષ-૫૨) તા. ૨૭-૩-૦૩ના રોજ કેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. જન્મથી લઈને ગૃહસ્થાશ્રમ પ્રવેશ સુધી સોનગઢમાં રહીને તેમજ દર વર્ષે નિયમિત વારંવાર સોનગઢ આવીને તેઓએ સત્સંગનો ખૂબ ખૂબ લાભ લીધો હોવાથી અસહ્ય પીડામાં પણ શાંત્વના રાખીને અંતિમ ક્ષણ સુધી ધાર્મિક શ્રવણ-જાગૃતિપૂર્વક તેઓ દેહવિલય પામ્યા હતા.

ખૈરાગઢનિવાસી શ્રી ખેમરાજજી જૈન (વર્ષ-૮૫) તા. ૪-૪-૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૪૫ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના સત્‌સમાગમમાં આવેલા અને સ્થાયી મકાન કરીને સત્‌સંગનો ખૂબ લાભ લેતા હતા. તેમના કારણે પૂરા પરિવારને પણ તત્ત્વની રુચિ જાગૃત થવા પામ્યા હતી.

લિંબડીનિવાસી શ્રી સમતાબેન નંદલાલ શાહ (વર્ષ-૮૦) તા. ૧૪-૪-૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૫૦ વર્ષથી સોનગઢ સત્સંગનો લાભ લેતા રહ્યા હતા.

મલાડ-મુંબઈ નિવાસી શ્રી અનંતરાય (–અનુભાઈ) શિવલાલ ગાંધી (–તે શ્રી હેમંતભાઈ ગાંધીના પિતાશ્રી) (વર્ષ-૮૧) તા. ૧-૫-૦૩ના રોજ કેન્સરની બિમારીમાં તત્ત્વ-શ્રાવણ આદિ જાગૃતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ૫૦ વર્ષથી તેઓના માતુશ્રીના સોનગઢના સ્થાયી નિવાસ દરમ્યાન નિયમિત સોનગઢ આવીને તેઓએ સત્સંગનો ખૂબ લાભ લીધો હતો.

રાણપુરનિવાસી (હાલ-રાજકોટ) શ્રી લક્ષ્મીબેન વીરચંદભાઈ શાહ (–તે બ્ર. શ્રી શારદાબેનના માતુશ્રી) (વર્ષ-૧૦૫) તા. ૩-૫-૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સુરતનિવાસી શ્રી સવિતાબેન વ્રજલાલ શાહ (-ડેલીવાળા) (–તે આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ શાહના કુટુંબી-બેન) (વર્ષ-૮૧) તા. ૧૭-૫-૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ સુરત તેમજ સોનગઢ ધાર્મિક મહોત્સવ પ્રસંગે હંમેશા અત્યંત ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.

નવરંગપુરા–અમદાવાદનિવાસી, પાલડી મુમુક્ષુ મંડળના પ્રમુખ, નવરંગપુરા મુમુક્ષુ મંડળના ટ્રસ્ટી, ખાડીયા મુમુક્ષુ મંડળના ટ્રસ્ટી તથા ભૂતપૂર્વ પ્રમુખ શ્રી કલ્યાણભાઈ લાલભાઈ (વર્ષ-૯૨) તા. ૩૦-૫-૨૦૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નાદુરસ્ત તબિયતમાં (કેન્સરની બિમારીમાં) પણ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચનો વિગેરે ધાર્મિક કાર્યક્રમોમાં નિયમિતરૂપે લાભ લેતા હતા.

વિંછીયાનિવાસી (હાલ-દાદર-મુંબઈ) શ્રી હિંમતલાલ ઉજમશી જૈન (મધીયા) (વર્ષ-૮૧) તા. ૧૨-૫-૨૦૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૭૦ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના સત્‌સમાગમમાં રહીને ઘણો જ લાભ લીધો હતો.

બોટાદનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી હિંમતલાલ હરજીવનદાસ શાહ (વર્ષ-૬૮) તા. ૧૭-૫-૨૦૦૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. *

# ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❀

❀ એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એ મૂળ સિદ્ધાંતમાંથી કેટલું સિદ્ધ થાય છે !! આમાં બાર અંગનું સ્પષ્ટીકરણ નીકળે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એનો અર્થ એ થયો કે એની પર્યાય પોતાથી જ થાય છે અને તે ક્રમબદ્ધ થાય છે. એક સિદ્ધાંત બરાબર પકડે તો બધું આવી જાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એટલે પગ જમીન ઉપર પડે છે એ પગ જમીનને અડતો નથી. જો જમીનને અડે તો બે દ્રવ્ય એક થઈ જાય. આ તો મિથ્યાત્વને તોડવાની ચાવી છે. દરેક દ્રવ્ય પોતાના નિશ્ચયમાં જ પ્રાપ્ત છે. આત્મા શરીરને અડતો નથી. કર્મથી આત્મા દુઃખી થાય એ વાત ખોટી છે. કર્મને આત્મા અડતો નથી તો એનાથી દુઃખી કેમ થાય ? પદાર્થ જુદે જુદા છે તે એક બીજાને કરે શું ? પણ આટલી સમજવાની ગરજ કોને છે ? દવાના રજકણ રોગને અડ્યા નથી. પાણી ગરમ થાય તે અગ્નિથી તો નહિ જ પણ એના ધ્રુવ દ્રવ્યથી પણ નહિ. એ પાણીની ઉષ્ણ પર્યાય એના કાળે ષટ્‌કારકથી સ્વતંત્ર થઈ છે. નરકના સંયોગોનું જીવને દુઃખ નથી, સંયોગ જીવને અડતાં નથી પણ પોતાના દ્વેષથી દુઃખ થાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ—એમાં તો ત્રણલોકના નાથ તીર્થંકર અને તેમની વાણી પણ તારા ઉત્પાદનું કારણ નહીં એમ આવ્યું. જગતને પાગલ લાગે તેવું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એમાં તો બાર અંગના તાળા ખોલી નાખ્યા છે !! ૨૮૦.

❀ આહાહા ! શું કથન છે ! વ્યવહારથી નિશ્ચય થાય, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય, પૂર્વપર્યાય કારણ ને ઉત્તરપર્યાય કાર્ય–એ બધાં વ્યવહારના વચન છે, એક એક સમયની પર્યાય—ચાહે તો કેવળજ્ઞાન હો, ચાહે તો નિગોદના જીવની અક્ષરના અનંતમાં ભાગની જ્ઞાનની પર્યાય હો, ચાહે તો મિથ્યાત્વ હો કે ચાહે તો રાગનો કણ હો—એ બધી પર્યાયનું અસ્તિત્વ જગતમાં, છ દ્રવ્યમાં છે પણ તે અસ્તિત્વ એવું છે કે જેમ છ દ્રવ્યસ્વરૂપ લોક છે તેમ પર્યાય પણ પોતામાં, પોતાથી, પોતાના કારણથી છે, જેમ દ્રવ્ય ને ગુણ પોતામાં, પોતાથી છે તેમ પર્યાય પણ પોતામાં, પોતાથી, પોતાના કારણથી છે. ૨૮૧.

## ❀ પ્રતિજ્ઞા કરો કે રાગાદિ મારા નથી ❀

શ્રોતા :—આપ પ્રતિજ્ઞા તો કાંઈ કરાવતા નથી?

પૂજ્ય ગુરુદેવ :—પ્રતિજ્ઞા કરો કે પુણ્ય-પાપ મારા નથી, પરની ક્રિયા હું કરી શકતો નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું, સમ્યગ્દર્શન મારી વસ્તુ છે, પુણ્ય-પાપ મારા નથી. આમ પહેલાં મિથ્યાત્વ ટાળવાની પ્રતિજ્ઞા થાય છે. ભાઈ! એકવાર નિયમ તો લે, સોગંદ તો લે કે આત્માના પૂર્ણ સ્વભાવ સિવાય બીજું કાંઈ મારે ખપતું નથી.

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂ. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂ. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334